નમઃ સિદ્ધમ્.

શ્રી નેમનાથ

(ટુંક જીવન ચરિત્ર)

લખનાર તથા પ્રસિદ્ધ કરનાર

શાહ. તારાચંદ મલુકચંદ

ચંદ્રધારા બ્રાન્ચ ઑફીસ (મા

મુ.

પ્રથમાવૃતિ.

વીર સંવત ૨૪૪૦. વિક્રમ

કીંમત બે આના

શ્રી વિતરાગાયનમઃ

...નાથનું (ટુંક જીવનચરિત્ર)

...જન લગભગ ૪૫ ગાયનથી શણગારેલું.

...થા ભપકાદાર ભાષણથી ભરપુર

ચરિત્ર.

રચી પ્રસિદ્ધ કર્તા.

શાહ. તારાચંદ તલકચંદ. ભીલોડા.

ચંદ્રધારા બ્રેન્ચ ઑફીસ. (મહીકાંઠા.)

મુ. ભીલોડા.

આવૃતિ પહેલી.

પ્રત ૧૦૦૦.

અમદાવાદ—શ્રી સત્યવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં

શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું.

વીર સંવત્ત ૨૪૪૦ વીક્રમ સંવત ૧૯૭૦

કીમત રૂ. ૦-૨-૦ ફક્ત.

અર્પણ પત્રીકા.

શ્રીમાન્ તીર્થરૂપ પિતાજી શ્રી

શાહ તલકચંદ કુબેરદાસ.

મુ. ભીલોડા.

આપે મ્હને વિદ્યાભ્યાસ કરાવી ઉન્નત દશાએ પહોચાડયો છે, જેના સ્મરણ રૂપ "શ્રી નેમનાથ ચરિત્ર" એ નામનું લઘુ પુસ્તક આપને સવિનય અર્પણ કરી હર્ષવંત થઉંછું.

લી. આપનો બાળ.

શાહ તારાચંદ તલકચંદ.

આ ચરિત્રનો કર્તા.

પ્રસ્તાવના.

બાવીસમા તીર્થંકર શ્રી નેમનાથ ભગવાન્ એ ઘણીજ અબાધ શક્તિવાળા મહાનપુરૂષ થઇ ગયા છે કે જેમની શક્તિ, તથા ગુણોનું વર્ણન અનેક આચાર્યોએ કર્યા છે. તેથી આજ સુધીમાં શ્રી નેમનાથ ભગવાનનાં અનેક જીવનચરિત્રો લખાયાં છે; તેમાં બેહજાર વર્ષ પહેલાંના વિદ્વાનોના હાથનાં લખાયેલાં જીવન ચરિત્રોની પ્રતો ભાગેજ જોવામાં આવે છે, તો પણ એમ તો કબુલ કર્યા વિના ચાલતું નથી કેઃ—મહાન અબાધ શક્તિ વાળા ત ભગવાન હતા અને તેમનાં કૃત્યોને પણ પૂર્વના વિદ્વાનો ઘણીજ સારી રીત્યે વર્ણન કરી ગયા છે. તેનું દોહન કરીને જો કે આ લઘુ ગ્રંથ લખવામાં આવ્યો છે તોપણ તેમાંથી ઘણી ખરી અગત્યની બાબતોને અમે હાથ ધરી નથી. પણ તેના સારરૂપ જણાવતાં આધુનિક સમયમાં નાટકો, અને ચેટકોનો પ્રચાર વધી જવાથી લોકો ગાયનના અને વિશેષ કરીને સૃંગારિક ગાયનના રસ્તે ચઢી ગયેલા જણાતા હોવાથી, તેમને તેવા માર્ગથી પાછા વાળી ધર્મના માર્ગે સ્થિર કરવા સારૂં—હાલના કેટલાક પ્રચલીત રાગમાંજ શ્રી નેમનાથ ભગવાનનું લઘુચરિત્ર લખવાનું ઉચિત ધાર્યું છે તે શ્રી ભગવાનનું સામાન્ય વર્ણન નિચે મુજબ છે,

નેમનાથ ભગવાન અપરાજીત વૈમાનથી કાતકવદ ૧૨ ના રોજ દ્વારાપૂરી (સૌર્યપૂર) ના રાજા સમુદ્ર વિજયની ભાર્યા શીવા દેવીની કુખે ચવ્યા હતા અને

શ્રાવણ સુદ ૫ ના દીવસે, કન્યારાશીનો ચંદ્ર હતો, ચીત્રા નક્ષેત્ર હતું તે વખતે પ્રભુજી શંખ લંછન સહિત જનમ્યા હતા, દશ ધનુષ પ્રમાણ તેમનું શરીર હતું. છ હજાર વર્ષનું આયુષ હતું. તેમના શરીરનો વર્ણશ્યામ હતો, તેમણે રાજ કર્યું નથી માત્ર કુમાર પણેજ દીક્ષા લીધી હતી, પરણ્યા નહોતા, દીક્ષા પણ દ્વારાપુરીમાંજ લીધી હતી. એક હજાર સાધુ તેમનો પરિવાર હતો બે ઉપવાસના તપે દીક્ષા લીધી હતી તેનું પારણું વરદત્તના ઘેર ક્ષીરવડે કર્યું હતું. શ્રાવણ સુદ ૬ ના દીવસે દીક્ષા લીધી હતી, ત્યાર પછી ચોપન દીવસે તેમને કેવળ જ્ઞાન થયું હતું. ગીરનાર પર કેવળ જ્ઞાન થયું હતું. તેમને અગીયાર ગણધર થયા હતા, તેમના કુલ સાધુસંખ્યા ૧૮૦૦૦ હતા. તેમાં લબ્ધિવંત ૧૫૦૦ હતા. વાદીઓ ૮૦૦ હતી. આ વિગેરે ઘણી બાબતો છે તે શાસ્ત્રથી જાણવી.

ગ્રંથના લેખકો પોતાની ભુલચુકના માટે ક્ષમા માગી ગયેલા દરેક ગ્રંથમાં જણાય છે. તેનું કારણ એ છે કે—સર્વજ્ઞ સીવાય કોઈનામાં નિર્દોષતા આવી શકે નહિ માટે તેમણે ક્ષમા માગવી ઉચિત ધારી છે તેમ હું પણ આ લઘુ ગ્રંથમાં કંઇ દોષ રહ્યા હોય તેના માટે ક્ષમા માગી મિચ્છામિ દુક્કડં દઉં છું—તો સર્વ વાંચકોએ—સાર માત્ર ગ્રહણ કરવો. સુજ્ઞેષુ કિં વિસ્તરેણ અલમ્.

વિજ્ઞાપક.
કર્ત્તા.

શ્રી પરમાત્માને નમઃ

શ્રી નેમનાથનું ટુંક જીવન ચરિત્ર.

સર્વે પાત્રો. રાગ કલ્યાણ.

શ્રી સંખેશ્વરા, પ્રભુ પાર્શ્વ જીનવરા;
તેની વારી જાદવો, નીર્વાણથી જરા. ૧
દ્વારાપુરીમાં વાસુદેવજીના, સમુદ્ર વિજય સંતાન;
તેહ તણે ઘેર પુત્ર થઇને, પ્રગટ્યા શ્રી ભગવાન. શ્રી. ૨
નેમજી નામ ધારણ કીધુ, પાળ્યો જૈન ધર્મ;
સંજમ લેઇને ગીરનાર ઉપર, કીધાં રૂડાં કર્મ. શ્રી. ૩
સરખા શોખીન ભેગા થઇને, જોવા ગયા શહેર;
બાગ બગીચા સર્વે જોઇને, મનમાં લાવ્યા લેહેર. શ્રી. ૪
આ યુધશાળા પાસે જઇને, નેમજી પુછે વાત;
ચાલો આપણ અંદર જઇને, જોઇએ સાક્ષાત. શ્રી. ૫
સોબતીઓ કહે કૃષ્ણ તમારા, વડા વીર છે જેહ;
તેમને આયુધ બાંધવાનાં, આની અંદર છે. શ્રી. ૬
નેમજીએ હસ્તાં હસ્તાં, શંખનો કીધો નાદ;
તપાસ જઇ કરો તેહની, કોણ છે એની જાત. શ્રી. ૭
કૃષ્ણ મન વિચાર કરે છે, નેમજીનું બલ ભારી;
બલ ઓછું થવાને માટે, પરણાવું નૌતમ નારી. શ્રી. ૮
પટરાણીઓ સાથે નેમને, મોકલ્યા નદીએ નહાવા;
કૃષ્ણે કહ્યું રાણીઓને, મનાવો નેમ વીવાહ. શ્રી. ૯
ઉગ્રસેન ઘેર વીવાહ કીધો, પરણાવા નેમજી ભ્રાત;

સર્વે પ્રજા ખુશી થઇ, ખુશી થયાં પ્રભુ માત. શ્રી. ૧૦
તોરણ આગલ નેમજી ગયા, પશુડે કર્યો પોકાર;
જીવ દયા પ્રતિપાલ નેમજી, નહી પરણ્યા તે નાર. શ્રી. ૧૧
સંજમ લેઇને ગીરનાર ઉપર, પાછલ રાજુલ નાર;
કર્મ ખપાવી અંતે પામ્યા, મોક્ષ ગતી સાર. શ્રી. ૧૨
તેનું ચરીત્ર કહી બતાવું, નેમજી પુરશે આશ;
તલકચંદ સુત પાએ લાગે, તારાચંદ તુંમદાસ. શ્રી. ૧૩

નેમનાથજી તથા તેમના મિત્રો.

નેમઃ— ચોપાઇ,

ચાલો ઉઠોને ભાઇઓ આજ;
કરીએ આપણે એક કાજ.
જોવા જઇએ શહેર બજાર;
વાડી બાગને કૃષ્ણ દરબાર. ૧
ઇચ્છા મારી આજે થઇ;
માટે ચાલો જોઇએ જઇ.
શી છે નવી જોવાની વાત;
તેની બતાવો મુજને જાત. ૨

મિત્રો—મરજી જેવી આપની થઇ;
માટે ચાલો જોઇએ જઇ.
લગાડશું નહીં ત્યાં વાર;
આવીએ છીએ આણીવાર. .

નેમનાથજી—પ્યારા સ્નેહી મિત્રો આજે આપણે એકત્ર ઘણા દીવસે મલ્યા છિયે. તો આજે શહેરની સઘળી વિભુતી તથા બાગ બગીચા વીગેરે. જોવાની ઇચ્છા થઇ આવી છે. તો ચાલો આપણે વેળાસર, જોઇને પાછા આવીએ.

મિત્રો—બહુ સારૂ મહારાજ ચાલો, જેવી આપની ઇચ્છા, પણ મહારાજ કયે રસ્તે જઇશું. ?

નેમ—સર્વે મિત્રોની ઇચ્છા હોય તે રસ્તે ચાલો.

(જાય છે.)

(આગલ જતાં આયુધ શાળા આવી.)

નેમ—ચાલો મિત્ર આપણે આયુધ શાળામાં પ્રવેશ કરીએ.

મિત્રો— ક્ષત્રી કલંક.

તમે સાંભલો નેમીનાથ, આયુધ શાળા આતો છે રે.
માંહે ભરીઆં છે હથીઆર. આયુધ.
કૃષ્ણ તમારા જે ભ્રાત. ,,
તેમને બાંધવાને સાક્ષાત. ,,
બીજો બાંધવા ઘાલે નહીં હામ. ,,
એ સૂરવીરનું છે કામ. ,,

નેમ—હે મિત્ર એમાં શી મોટી વાત છે.

ક્ષત્રી કલંક.

આમાં શુ છે ભારે કામ, બળ તમે જો જો મારૂં રે.
આયુધ ઉપાડુ તમામ. બળ૦

ચપટીએ ઉપાડુ ચક્ર આજ. ,,
લઇ શંખને કરૂં હું અવાજ. ,,
આતો ફુલ સમાન છે ભાર. ,,
જોર કરવું નથી રતિભાર. ,,

નેમ—હે મિત્ર તમે કેમ કંઇ બોલતા નથી ? અને બે શુદ્ધ જેવા થઇ ગયા છો. ?

મિત્રો—તમારાં પરાક્રમી વચનો સાંભળીનેજ હમો તો બે શુદ્ધ થઇ ગયા છિએ. મહારાજ આ ચક્ર અને ગદાએ બે આયુધો તો દેવાંશી વીના ધારણ કરી શકાતાં નથી. તો આપ તેને ધારણ કરવાને પ્રરાક્રમ બતાવો છો તે હમને બહુજ આશ્ચર્ય લાગે છે-વલી આ ચકનું જોર તો ઘણુંજ આશ્ચર્યકારક છે. એ તો આયુધશાળામાં પણ પેસવા દેતુંજ નથી. એમ છતાં આપનો તથા આપના આશરાથી હમારો પ્રવેશ થયો. ને ચક્રથી વિઘ્ન નહીં થયું એતો અમોને અલૌકિક ફેરફાર જણાય છે.

નેમ—તમોને એટલો બધો આશ્ચર્યકારક લાગતું હોય તો જુઓ-(આયુધો ધારણ કરી શંખનો નાદ કરે છે.)

મિત્રો—ધન્ય છે ધન્ય છે આપના સૂરવીર પરાક્રમને ધન્ય છે.

(શંખનો નાદ સાંભલી બલદેવજી શ્રી કૃષ્ણ પાસે જાય છે.)

શ્રી કૃષ્ણ—બંધુ આજ તમારૂ આવવું કેમ વહેલું થયું ?

બલદેવજી—બંધુ કોઈ સૂરવીરે આયુદ્ધશાળામાં પ્રવેશ કરી આયુધો ધારણ કર્યા છે.

ચોપાઈ.

દ્વારકાં પતી કૃષ્ણ મહારાજ,
શહેરમાં થયો આજે ગભરાટ. ૧
ખબર કાઢો મોટા ભાઇ,
નહીં તો પ્રજા જાશે સર્વે નાશી. ૨
નહીં ઢીલ કરવા જેવું કામ,
તાકીદે જાઓ ત્યાં ઠામ. ૩

શ્રી કૃષ્ણ— ક્ષત્રીકલંક.

ભાઈ સાંભલો મારી વાત, દુષ્ટને જઇ મારી આવું રે.
ઘડી એકમાં કરૂ સંહાર. દુષ્ટ૦
તમે શાન્ત કરો સૌને આવાર. ,,
આવી શહેરમાં કરૂ જય જયકાર. ,,
તમો નિશ્ચિતે કરો સૌ કામ. ,,
હું આવું છું, ઘડીમાં આ ઠામ. ,,

(શ્રી કૃષ્ણ આયુદ્ધશાળામાં આવે છે.)

શ્રી કૃષ્ણ— ક્ષત્રીકલંક.

તમે સાંભલો મિત્રો આવાર, કામ તે આવું કોણે કીધુ રે.
કોણે કીધો શંખનો અવાજ. કામ તે.
કોણ જોયો આવું કરનાર. ,,
મને સઘળા કહો સમાચાર. ,,

જરા રહેતી નથી મને ધીર. ,,
મારી ઠાર ને કરૂ હું રૂધીર. ,,

શ્રી કૃષ્ણ—હે મિત્રો તમે અહીં ક્યાંથી આવ્યા છો. અને મ્હારા આયુધો કોને ધારણ કર્યા છે. અને શંખનો નાદ કરનાર એવો કોણ પરાક્રમી છે.

મિત્રો—મહારાજ શાન્ત થાઓ. ક્રોધ શામાટે કરોછો. મહારાજા નેમનાથ તથા હમો અહીં ફરવા ને માટે આવ્યા હતા. તો નેમનાથજીએ આયુધો ધારણ કરી શંખનો નાદ કર્યો હતો. અહીં બીજો કોઈ સૂરવીર પરાક્રમી આવેલો નથી.

શ્રીકૃષ્ણ—અહા કોણ નેમ. હે મિત્રો ! નેમનાથ ક્યાં છે. ? તેને અહીં બોલાવો. ?

મિત્રો—બહુ સારૂ મહારાજ ! હાલ બોલાવું છું !

મિત્રો—(નેમનાથ પ્રત્યે) મહારાજ આપના વડીલ બંધુ શ્રીકૃષ્ણ મહારાજ આવ્યા છે, ને આપને બોલાવે છે.

નેમનાથ—અહા । કોણ શ્રીકૃષ્ણ આવ્યા છે ? ચાલો

(નેમનાથને આવતા જોઇ)

શ્રીકૃષ્ણ— રાગ. ભેખરે ઊતારો રાજા ભરથરી.

નેમજી મારારે બંધવા, આ શું કીધુ કામજી,
શંખનાદ શી રીતે કર્યો, લઘુ વયમાં આમજી.
આ શું કીધુ બંધવ માહરા.

ટેકસ સાગર નીર ચીરે ચઢયાં, ડોલ્યા દસદિગપાલજી,
શેષરે સરવડચો પાતાલમાં, કામ કીધું અપારજી.
આ શું કીધું બંધવ માહરા.
નગરતો ભાગી ઉજડ થયું, નાશી ગયાં સૌ શહેરજી,
આવું કરવું ઘટે નહિ, હજુ છો બાળે વેશજી,
આ શું કીધું બંધવ માહરા.
ચક્ર ઉપડે મેદની ચઢે, પૃથ્વી સાક્ષાત લજાયજી,
શંખનાદ કરે થકી, હાથીદાંત પડી જાયજી,
આ શું કીધું બંધવ માહરા.

ક્ષત્રીકલંક.

નેમ--
એમાં ભારે શું દીઠું કામ, શંખનાદ મેં કીધોરે.
શંખ વગાડવાની ગાલી મેં હામ. શંખ.
આતો સાગરમાંથી ગાગર નીર. ,,
તમે સાંભલોને વડા વીર ,,
ચક્ર ચપટીએ ઉપાડયું ધરી હામ ,,
મેં તો રમત રમ્યાનું કીધું કામ. ,,

શ્રીકૃષ્ણ--બંધુ આવું તારૂં પ્રૌઢ પરાક્રમ જોઇ હુંતો ઘણોજ ખુશી થયો છું તેની મને જરા પણ રીસ નથી. કારણકે હુંતો હમેશાં પ્રરાક્રમ શોખીનોનાં પરાક્રમનેજ ચાહુંછું. આ જગતમાં જે પુરૂષનો જન્મ પરાક્રમ વગર વહી જાય તે કશા કામનો નહીં

કેમકે પુરૂષનું પુરૂષત્વ પરાક્રમથીજ પ્રગટ થાય છે. પરતું બંધુ કહેવાનું એટલુંજ કે અચાનક આમ કરવું તે ઠીક નહીં.

નેમ--આપ આપની યોગ્યતા ધારીને મારા વખાણ કરો તો ભલે પરંતુ એટલાં બધાં વખાણને હું પાત્ર નથી.

કૃષ્ણ--મારા ચક્રાદિ આયુદ્ધ ધારણ કરવાં એ ઘણું સાહસ છે. તથાપિ તને કે તારા મિત્રોને વીઘ્ન ન થયું એ સારૂ થયું. બંધુ તું શોકાતુર થઈશ નહીં. આથી કરીને મને જરા પણ રોષ છે એવું તું સ્વપ્નમાં પણ ધારતો નહિ. તારી આવી વખાણવા લાયક હીમ્મત જોઇને મને તો ઉલતો સંતોષ થયો છે. એવું તું નિશ્ચય કરીને માન.

મિત્રો--(શ્રીકૃષ્ણને) ધન્ય,, ધન્ય, મહારાજ આપની ઉદાર બુદ્ધિને માટે એકવાર નહિ પણ હજાર વાર ધન્ય છે. આપે નેમનાથ પ્રત્યે એવોજ સ્નેહ જાળવવો ઉચિત છે.

શ્રીકૃષ્ણ--ચાલો વખત ઘણો થઇ ગયો,

(સર્વ જાય છે.)

(કૃષ્ણ ઘેર આવી વિચારમાં પડયા કે નેમનાથનું જોર બહુજ પરાક્રમી લાગે છે. માટે એક દીવસ મને હાની પહોચવાનો સંભવ છે. માટે તેને એક સુંદર કન્યા પરણાવું તેથી તેનું બલ ઓછું થશે)

શ્રીકૃષ્ણ—   (રાણીઓ પ્રત્યે) ચોપાઈ.

 વ્હાલી મારી પ્રાણ તું પ્યારી,
ચીંન્તાં મુંજને દીલમાં છે ભારી;
નેમજી મારો વ્હાલો છે વીર,
તેનું બલઘણું છે નાર. ૧
માટે ચીંન્તા મુંજને થાએ,
તેથી દીલમારૂં ઉછેરાએ;
માટે નારી એક પરણાવો,
તમે પરણવાનું મનાવો. ૨

રાણીઓ—

શિદ મુંજાઓછો સ્વામી મારા
દીલ દુઃખ નવ ધરશો પ્યારા;
હમે આધીન છીએ તમારી,
દીલ દુઃખ નવ ધરશો ભારી. ૧
જઇ ગોમતીજી ના તીર,
સાથે નેમ દિયર તુમ વીર;
મનાવીએ પરણવાનું આ વારી.
દીલ દુઃખ નવ ધરશો ભારી. ૨

રાણીઓ—પ્રાણપતિ જરા પણ ચિન્તા નહીં કરતાં સુખેથી સુખ ભોગવશો. હમો આપની અર્ધાઙ્ગનાઓ છિયે. તો હમારી ફરજ હમો તાકીદે નેમનાથજી પાસે જઇને બજાવીએ છિયે. સ્વામીનાથ ! એમાં શી મોટી વાત છે.

શ્રીકૃષ્ણ—બહુ સારૂ પ્રાણવલ્લભાઓ. તમે તાકીદે જઇને પાછાં વ્હેલાં આવજ્યો. હું પણ સદા સુવાસી બાગમાં જાઊછું.

રાણીઓ—પધારીએ પતિ (નમન કરે છે)

(નેમનાથજીનો મહેલ)

રાણીઓ—(નેમનાથ પ્રત્યે) આજતો હમો આપનો નવો મહેલ જોવાને આવ્યા છીએ.

નેમ—સુખેથી વારંવાર આવો. આજે મને પણ બહુજ સંતોષ થયો છે.

રૂક્ષ્મણી—વાહલા દિયરજી ! ચાલો આપણે આજે ગોમતીજીના તીરે સ્નાન કરવા જઇએ.

નેમ—બહુ સારૂ ! ચાલો ! આપની આજ્ઞા પ્રમાણે હું પણ આવુંછું.

(સર્વે નદી ઉપર જાય છે)

નેમ—ચાલો વખત બહુ થઈ ગયો છે. હવે જીનમંદિરમાં જવાનો વખત થયો છે, તો ચાલો હવે ઘેર જઇએ.

સત્યભામા—દિયરજી ! ઉતાવલ કરોછો એ શું ? આપને યોગ્ય છે ? સર્વે સાથે ઘેર જઇશું.

નેમ— રાગ. પુનમચંદની.

ચાલો નાહીને આપણે હવે ગેર જઇએરે,
વાર શીદ લગાડો છો અપાર, ચાલો.

સત્યભામા-- **સાખી**

સાંભળો તમે રાધીકા, શીદ દુઃખાવો શીશ;
વાંઢા શું જાણે વાતમાં, નારી કેરી રીત.

ચાલો૦

રાધીકા-- **સાખી**

સત્યભામા તમે સાંભલો, નેમ નહિ નાદાન;
પરણી લાવશે નારીઓ, એ તો બે ને ચાર.

ચાલો૦

રૂક્ષ્મણી-- **સાખી**

ખર્ચ પુરૂં થાએ નહિ, માટે કહે છે નાય;
ગરીબ બીચારો નેમજી, શું પરણે એ નાર.

ચાલો૦

નેમ-- **સાખી**

સુખ નહિ નારી થકી, સાંભલો ભાભી વાત;
માટે નથી મારે પરણવુ, માનો સાચી વાણી.

ચાલો૦

નેમ— **સાખી**

નીચમાં નીચ નારી ખરી, નારી નર્કની ખાણ;
ચતુર જને ત્યાગી ખરી, માનો સાચી વાત.

ચાલો૦

જાંબુવતી-- **સાખી.**

નારી નહિ મલે નેમને, નારી રતન તે તુલ;
તુમ સરીખા નીપજે, તે નારીની કુંખ.

ચાલો૦

નેમ--મારી હાંશી કરવી એ તમને ઘટિત નથી

રૂક્મણી--આ હાંસી નથી; શું ત્યારે તમારી ઇચ્છા પરણવાની નથી ? કાંઇ પરણ્યા વગર તે ચાલે!

સત્યભામા--આપણા કુટંબમાં કોણ કુંવારો રહ્યો છે. દિયરજીને તો કાંઈ નાહે. પણ જે મોટા હોય તે તો લાજે.

જાંબુવતી--એમાં વધારે શું કહેવું ! એતો દિયરજી બધુએ જાણે છે.

નેમ--પરણવાથી વળી વિશેષ લાભ શો મલવાનો હતો ?

રૂક્મણી--એવો ખોટો નિશ્ચય કાંઈ કામ આવે ? નહીં તો શું પરણવામાં કાંઇએ લાભ નથી ?

નેમ--લાભહાનિની વાત તો મારે સમજવાની છે કે તમારે !

રૂક્મણી--પણ સ્ત્રીનું ભરણ પોષણ તો કરવું. જોઇએને ?

નેમનાથ--(હસીને સ્વગત) અહા ! સ્ત્રી જાતીનો સ્વભાવ કેવો વીલક્ષણ છે ! શું મારામાં કુટુંબનું પોષણ કરવાની પણ શક્તિ નથી ?

સત્યભામા--(રૂક્મણીના કાનમાં) પરણવાનું તો મન છે પણ મ્હોઢાથી કહી શકાતુ નથી.

રૂક્મણી—હા. હા. એમજ છે. ચાલો હવે આપણે ઘેર જઇ, સ્વામીનાથને વધાઇ કહીએ.

સત્યભામા--હા ચાલો.

(સર્વે ઘેર જાય છે.)

શ્રી કૃષ્ણનો મહેલ.

(રાણીઓનું આગમન.)

શ્રી કૃષ્ણ—કેમ રૂક્ષ્મણી નેમને ત્યાં જઇ શક્યાં હતાં કે કેમ ?

રૂક્ષ્મણી—પ્રાણનાથ ! કોઇ વખતે આપનું કહેલું અમે વિસાર્યું છે બારૂ ?

સત્યભામા—- ક્ષત્રીકલંક.

તમે સાંભલો સ્વામીનાથ, વધામણી હુતો લાવી રે.
પરણવાનું માન્યુ નેમીનાથ. વધામણી.
માટે સગાઈ કરો આવાર. ,,
પરણાવો કાકાના કુંમાર. ,,
રૂપે સુંદર જોવી નાર. ,,
નેમ પરણશે આવ.ર. ,,

શ્રી કૃષ્ણ--શાબાશ છે ? પ્રાણ વલ્લભાઓ ? તમારી ચાતુર્યને શાબાશ છે. કેમકે નેમનાથને ખુલ્લી રીતે પરણવા બાબત તો તીરસ્કાર છે. અને તમોએ સ્વીકાર કરાવ્યું તે કેવી રીતે કરાવ્યુ ? તેતો કહો ?

સત્યભામા—હમોએ બહુજ દૃષ્ટાંતો, મશ્કરી ભરેલા. તેમને સંભલાવ્યા ત્યારે તેમણે સ્વીકાર કર્યું.

કૃષ્ણ—(સ્વગત) આ વાત ખરી હશે. (પ્રગટ) ઠીક હવે સત્યભામા,-રૂપ ગુણ સંપન્ન કોની કન્યા કુંવારી છે.

સત્યભામા—પ્રાણનાથ ઉગ્રસેનની પુત્રી રાજેમતી રૂપ ગુણમાં કયાં ઓછી છે? આપ કહેવરાવશો તો એ અવશ્ય માનશે.

શ્રી કૃષ્ણ—બહુ સારી વાત યાદ આપી. ત્યારે તો હું એ કામનો કાલથીજ પ્રારંભ કરીશ. અને હાલ બલદેવજી પાસે જાઉં છું અને આજે બને છે તો આજેજ કામ પાર પાડું છું.

(શ્રીકૃષ્ણ જાય છે.)

સત્યભામા—બ્હેન રૂક્ષ્મણિ ઘાટતો ઠીક બેસાડયોને. નેમનાથ તો ઘણાએ પરણશે જો ના કહેશે તો તેમની લાજ જશે.

રૂક્ષમણિ—હા બ્હેન? તે તો ખરૂં? ના તો કહેવાયજ નહિ?

જાંબુવતી—બ્હેન ચાલો વખત થઇ ગયો છે.

સર્વે—હા ચાલો. (સર્વે જાય છે)

(બલદેવજીનો મહેલ)

શ્રીકૃષ્ણ— ચોપાઇ

સાંભલો તમે બલદેવ વીર,
હવે રહેતી નથી મુને ધીર;
કન્યા રૂપાળી લાવો આજે,
નેમભાઇને પરણાવા કાજે.
હવે ન કરો તમે ઢીલ,
લગનની કરો ઉતાવલ.

બલદેવજી—

ભાઇ સાંભલો કૃષ્ણ ભુપાલ,
નેમને પરણાવી એ નાર;
જોઇ ગામમાં કન્યા એક,
રૂપે ગુણ છે અતી વીશેષ.
ઉગ્રસેન તણી એ બેટી,
નામે રાજેમતી ગુણની પેટી.

શ્રીકૃષ્ણ—બંધુ નેમનાથના લાયક કન્યા એજ છે. બીજી એક પણ નથી. પણ ત્યાં કયારે જવું!

બલદેવજી—બંધુ! આજે જ જવું જોઇએ.

શ્રીકૃષ્ણ—બહુ સારૂ હું જાઊંછું અને વાતચીત કરી આવુંછું. તમે લગ્નની સામગ્રી તૈયાર કરો!

(ઉગ્રસેનનું ઘર)

ઊગ્રસેન— ચોપાઈ

ધન્ય ભાગ્ય ઘડી દીન આજ,
ભલે પધાર્યા કૃષ્ણ મહારાજ;
પગે ચાલી આવ્યા મુંજ ધામ,
એવું શું રે પડયું છે કામ.
કહો હમો થકી જે થાય,
સુખે ફરમાવો તમે રાય.

શ્રીકૃષ્ણ—

આવ્યોછુ હું કરવા એમ,
હમારો ભાઇ જે છે નેમ;

તમારી રાજુલ બાલ,
તેનું વેવાઇ કરો વેવિશાળ.
જોડું નેમ રાજુલનું થાસે,
મણા શી રહી એમાં પછે;
એટલા માટે આવ્યો છું ધાઇ,
માટે કરો તમે સગાઈ.

ઉગ્રસેન— લંક.

ભલે ખુશીછું મહારાજ, વાત તમે સાચી વધ્યારે.
ધન્ય ઘડી દીવસ આજ, વાત૦
મારી રાજુલ તમારા નેમ, ,,
ભલે ખુશીથી કરો એમ; ,,
શ્રીફલ આપુંછું કરી સગાઇ, ,,
રૂડી જાન લેઈ આવજો વેવાઇ. ,,
અખાત્રીજનું લગન સાર, ,,
લગ્ન નિધાર્યું આ વાર; ,,

ઊગ્રસેન—ધન્ય ઘડી ધન્ય દીવસ આજે આપ મારે ઘેર પધારી મારા ઘરને દીપાયમાન કર્યું છે તેને માટે એક વાર નહીં પણ હજાર વાર ધન્ય છે.

શ્રીકૃષ્ણ—(સ્વગત) હવે તાકીદે ઘેર જઇ લગ્નની સામગ્રી તૈયાર કરવી જોઇએ. (પ્રગટ) બહુ સારૂ હવે હું જાઉ છું.

ઊગ્રસેન—પધારીએ મહારાજ—

શ્રીકૃષ્ણનો મહેલ.

(ઘરનાં સર્વ માણસો બેઠેલાં છે)

શ્રીકૃષ્ણ— ચોપાઇ.

હવે કરો નહીં તમે વાર,
વીવા સામગ્રી તૈયાર;
નેમભાઇનું લગન લીધું,
માટે તૈયાર કરો સર્વે સીધું.
કામ આરંભો મૂહૂરત જોઇને,
બોલાવવું ભુલશો નહીં કોઇને;

રાણીઓ—આજ્ઞા આપની શીર ચઢાવા,
હમે સામગ્રી તૈયાર કરાવી;
વરરાજાને શણગારો,
વરઘોડો તૈયાર કરી લાવો.

શ્રીકૃષ્ણ—બહુ સારૂ હું હાલ જાઉંછું. અને વરરાજાને તૈયાર કરી હાલ આવીએ છીએ.

(વરઘોડો આવે છે.)

રાણીઓ તથા નગરનાં બૈરાં }—ચાલો વરઘોડો આવી ગયો છે.

વરઘોડામાં આગલ વરરાજા જાયરે,
પાસે તેમનો ભાઇ કૃષ્ણ મહારાજરે; ૧
વરઘોડામાં બગીઓ સહસ્ત્ર બે ચારરે,
વરઘોડામાં પાલખીનો નહીં પારરે. ૨
વરઘોડામાં જાનડીઓ ઝાજીરે,
વરઘોડામાં રૂપે રૂડીને તાજીરે. ૩

વરઘોડો તો આવ્યો રાજદરબારરે,
વરઘોડામાં સુભદ્રા લુણ ઉતારેરે. ૪

(રાજેમતિનો મહેલ.)

રાજેમતિ–બ્હેન મારો જીવ બહુજ ફર્યા કરે છે.

સખી––હા. હા. એતો હું જાણુંછું. જો પેલો વરઘોડો આવ્યો તો હવે ઠીક થઇ જશેને?

(રાગ–બનજારો.)

રાજેમતિ––ધન્ય ભાગ્યગતી મમ ભારી,
રૂપ ઉપર જાવું વારી;
સમરથ રાજકુંમાર,
હું ખુશી થાઉં અપાર,
એ કંથના જોગ હું નારી. રૂપ.
મેંતો પુન્ય કીધેલાં અપાર,
તેથી પામી આ ભરથાર,
હું ભાગ્શાળી છું નાર. રૂપ.

સખી––હા. બ્હેન હા. તેંતો બહુંજ પુન્ય કીધેલાં, તેથી તને આવા દેવ સમાન પતિ મલ્યા;

(એટલામાં વરઘોડો આવે છે.)

નેમનાથ––સૂરજમલ તેં આ ત્રફ રથ કેમ ચલાવ્યો. શ્રીકૃષ્ણ બલદેવ વીગેરે ક્યાં રહ્યા.

સૂરજમલ––મહારાજ ચિન્તા શા માટે કરો છો. જે રસ્તે જવું જોઇએ તેજ રસ્તે આવેલ છીએ. હું ધારૂં

શું કે કૃષ્ણ બલદેવ વિગેરે વચમાં ક્યાંક વાતો કરવાને રોકાયા હશે.

નેમનાથ—કદાચ એ આપણને ખોળતા હશે તો જો તું રસ્તો ભુલ્યો હોય તો રથને સિધ્ધે રસ્તે લઇ જા.

સૂરજમલ—કૃપાનાથ હું ભુલું એવો શું ? એકે રસ્તો મ્હારાથી તે અજાણ્યો હોય. ?

(પશુનો પોકાર થાય છે.)

નેમનાથ— ક્ષત્રીકલંક.

તમે સાંભલો સારથી આવાર, શોર તે આવો
શાનો થયોરે.
કોણ કરે છે આવો પોકાર. ,,
મને સાચી કહોને વાત. ,,
ખરેખરૂ બોલો સાક્ષાત. ,,
મને રહેતી નથી જરા ધીર. ,,
મને ઉપજે છે બહુ દીલગીર. ,,

નેમ—(ચમકીને) સૂરજમલ આ આટલો બધો ઘોંઘાટ શાનો ? પશુઓનો અવાજ મારે કાને અહીં ક્યાંથી આવે છે.

ચોપાઇ.

સુરજમલ—તમે સાંભલો નેમ મોરાર,
પશુ કરે છે પોકાર.
પકડી ઘાલ્યાં પાંજરા માંહે,

સઘળી જાદવ જાનના કાજે.
અત્યારે પરણુશો તમે નાર,
પ્રભાતે થશે પશુનો કાળ.
દીલમાં લાવો કરૂણા આવાર,
નહીંતો મરશે પશુ આઠાર.

સુરજ—મહારાજા એટલીએ ખબર નથી. ક્ષમા કરજો. આવતી કાલે તમારા સસરા ઉગ્રસેનજી જાન જમાડવાના છે. એટલા માટે હજારો પશુઓને પાંજરામાં પુરેલાછે.

નેમ—સારથી તું મને શું સંભળાવે છે? એમજ કહેને કે એ પશુઓનો વધ થવાનો છે

સુરજ—પણ આ પૃથ્વીનાથ. એમાં આટલી નવાઇ શી એતો ક્ષત્રીનો ધર્મ છે.

ક્ષત્રીકલંક.

નેમનાથ—

મારે પ્રણુવી નથી એનાર. પાપ શીદ માથે લઉંરે.
હું જીવ દયા પ્રતીપાલ. ,,
સંજમ લેઇ જાઉ આવાર. ,,
મરે લાખ પશુ આવાર. ,,
હવે સંસાર સર્વે ત્યાગ. ,,
નહીં રાખુ પરીગ્રહ રાગ. ,,

સુરજ—હાં. હાં. કૃપાનાથ આતે શું બોલોછો. એ વેંણુ બોલવું આપને ઘટે. હમણાજ તમારા સસરા-

ને કહીને પશુઓને છોડાવું. એમાં શી મોટી વાતછે.

નેમનાથ--હે સારથી હવે તું તાકીદે રથ પાછો વાળ.

(કૃષ્ણ, બલદેવ. વગેરે આવે છે.)

શ્રી કૃષ્ણ--સુરજમલ. તું આ માર્ગે કયાંથી આવી ચઢયો. અને વરરાજા કયાં?

સુરજ—આ રહ્યા મહારાજ એતો રીસાણા છે.

શ્રી કૃષ્ણ--વાહરે નેમ? આટલો બધો શોકાતુર કેમ? આવે વખતે આનંદને બદલે આ કેવો પ્રસંગ?

નેમનાથ—આ નેમનાથ હવે સંસારમાં નથી. એવું સમજજો. જ્યારે મારા પરણવાના પ્રારંભમાંજ મારાં નિમિત્તને લઇને આ મ્હોટું પાપ થાય છે. ત્યારે હું પરણીને સંસારના બંધનમાં બંધાયા પછી સ્વાર્થ સાધવા માટે કેટલાં પાપ કરીશ, તેનો વીચાર કરૂં છું.

બલદેવજી--તું કહેતો હોતો પશુઓને હમણાંજ છોડી મુકીએ.

ચોપાઇ.

શ્રી કૃષ્ણ—

બંધુ સાંભલો મારી વાત,
પરણીને જઇએ આ વખત. ૧
માટે પાછા વળોને આપ,
સર્વે જાન કરે છે વિલાપ. ૨
કહ્યું માનો મારૂં આવાર,
પરણીને જઇએ આવાર. ૩

જક જાજી તમે નથી કરો,
સૌના મનને શાન્તિ કરો. ૪
સર્વે ઘરનાં બહુ દીલગીર,
માટે કહ્યું માનો આવાર. ૫

નેમનાથ—બંધુઓ. એ તમે મને શું સમજાવો છો ? શું મારામાં તમે સૌએ બાળ બુદ્ધિ જોઇ ! મારે પરણવું કે નહીં, એનો આધાર મારી ઇચ્છામાં રહેલો છે. મને ચલિત સુખ ત્રફ પ્રેમ નથી. હું તો અચળ સુખને માર્ગેજ વળવાનો.

શીવાદેવી—વાહલા નેમ. આ કેવો પ્રસંગ. આવું કરવું એ તને ઘટે નહીં.

નેમનાથ—માતાજી બહુજ સારો પ્રસંગ છે. તમે કોઇ વાતે દુઃખી થશો નહીં.

શીવાદેવી— રાગ. ભેખરે ઉતારો.

પાછા વળો તન માંડવે, પરણી ભોગવો સુખજી,
દ્વારા જશો જો દીકરા, લાજશે મારી કુખજી.
પાછા વળો તન માંડવે.

ચિન્તા તજી પુત્ર ચીતની, પરણો રાખીને ટેકજી,
મુકાય નહીં એ માનની, કહ્યું માનો લગારજી.
પાછા વળો તન માંડવે-

જક ઝાજી નવ કીજીએ, માનો કહ્યું લગારજી,
પરણીને સુખ તમે ભોગવો, આપણા રાજ મોઝારજી.
પાછા વળો તન માંડવે.

સાસુ સસરો આ તાહરો, દીસે દિલગીર અપારજી,
પુત્રી પરણોને તેહની, માની કહ્યું આવારજી.
પાછા વળો તન માંડવે.
સર્વ જાન તો ઉદાસ છે, સર્વ ઘરના ઉદાસજી,
હર્ષમાં શોક કીધા વીના, પાછા વળોને આપજી.
પાછા વળો તન માંડવે.

નેમનાથ— રાગ ઉપરનો.
નથીરે માતા મ્હારે પરણવું, જાણો સહુ જરૂરજી,
પશુડાંનો ત્રાસ જે સાંભલી, ફાટી જાય મારૂ ઉરજી.
નથીરે માતા મારે પરણવું.
તુરત આવતાં તોરણે, પશુડે કર્યો પોકારજી,
તેરે સુણી મુજ તનમાં, ખારો લાગ્યો સંસારજી.
નથીરે માતા મારે પરણવું.
એક સ્રીના કારણે, લાખો જીવની હાણુજી,
સાદ સાંભલી પશુ કર્યો, તરફડે મુજ પ્રાણુજી.
નથીરે માતા મારે પરણવું.
માર્ગ મુકોને માહરો, સમજી મનમાં સંસારજી,
અધીકમાંથી ઓછું કહું, નહીં પરણું હું નારજી.
નથીરે માતા મારે પરણવું.

(સર્વ નીરાશ થઇ જાય છે.)

(રાજેમતી આવે છે.)

રાજેમતી—અરે હા. વાલાપતિ આ કેવો કોપ!

રાજે— રાગ. ઉપરનો.

પરણ્યાં રે વિના પેઉ કેમ પરહરી, કહો હમારો વાંકજી,
તોરણથી પાછા વલ્યા, રડતી મુકી મુને રાંકજી.
પાછા વળો પતિ માહરા.

નેમ—

મારૂ કહેવું નારી સાંભલો, લેશ નહીં તુમ વાંકજી,
કુંવારા વીજોગ કર્મે લખ્યા પરભવના લેખજી,
પાછાં જાઓ તમે સુંદરી.

રાજે—

પુત્રી પરણો મારા બાપની, બીજી મુજ નાની બેનજી,
તેથી સ્વામી સુખ ભોગવો, રૂપે રતિ સમાનજી.
પાછા વળો પતિ માહરા.

નેમ—

પરણવું નથી મારે સુંદરી, પાછાં જાઓ તમે ઘેરજી,
સંજમ લેઇ જો સંચરો, સંસાર કરીને ખારોજી.
પાછાં જાઓ તમે સુંદરી.

રાજે—

પરણીને છમાસ સુખ ભોગવો,સંજમલેઈશુ આપણુ સાથજી
કરગરી કહું આપને, કૃપા કરો મુંજ નાથજી.
પાછા પધારો પતિ માહરા.

નેમ—

ઉથલ પાથલ અવનિ થશે, પશ્ચિમ ઉગસેભાણજી;
તોય હું પાછો નહીં ફરૂં, મારે પરણ્યાના પચ ખાણજી
પાછાં જાઓ તમે સુંદરી.

રાજે—

સાધન જોરે સધાયના, રહી સંસારની માંહ્યજી,
સ્થિર વૃતિ કરે કોણએ, ઓછી શક્તિ જણાયજી,
પાછા વળો પતિ માહરા.

નેમ—

ખોટી છે તારી એ કલ્પના, કામ સમ ઘટે ઠામજી,
યોગ્ય ઠામ જો હોયના, જાય તો અફલ તમામજી.
પાછાં જાઓ તમે સુંદરી.

નેમ—હે રાજ કન્યા ! વારંવાર કહેવાથી શું ! જો તારે જગતમાં તારૂ અમર નામ કરવું હોય અને આ દુઃખ રૂપ નાશવંત સંસાર-સાગર તરી જવો હોય તો દિક્ષા લઇ ચાલ મારી સાથે ગીરનારમાં.

રાજે—ભલે પ્રાણનાથ ! હું આવવાને માટે ખુશી છું. પરતું આ લગ્ન ક્રિયા ટેક રાખી પાર પાડો,

નેમ—હે રાજ કન્યા ? જયારથી તેંમને પ્રાણ-નાથ શબ્દ કરીને બોલાવ્યો, ત્યારથીજ લગ્ન ક્રિયા સંપુર્ણ થઇ ચુકી છે.

રાજે—વહાલા પત્તિ એંમતે હોય ? આ દાસી એતો. આપનું જરાપણ સુખ દેખ્યુંજ નહી. નાથ ? એમ ના ઘટે, જરા ઉભાતો રહો. (પાય પડે છે)

નેમ—છોડીદે, છોડીદે, એ કોઇ કાળે બનવાનું નથી.

(એમ કહી ગીરનાર ત્રફ ચાલ્યા જાય છે)

રાજે—હા. નાથ-સખી હવે કેમ થશે ? ? ? (મુર્છા પામે છે)

સખી—વહાલી. સાવધથા-સાવધથા હે દેવ ? આ ત્હારો કેવો કોપ ? અરે તું આવો નિર્દય કેમ થયો ?

રાજે—(જરા સાવધ થઇને) સખી હવે હું કેમ કરૂં ! મને કંઇએ ઉપાય સુજતો નથી. ! નાથ તો ગયા !

સખી—ચાલ બેન હવે ત્હારા મહેલમાં ચાલ. હવે અહીં રહીને શું કરીશુ.

રાજે— રાગ. સિતાજીના મહીના.

સખી કર્મ આવી નડયાં આજે, સ્વામી મલીઆ નહિ,
મેતો પુર્વ કીધાં બહુ પાપ, પતિએ પરહરી;
પ્રભુ સહાય થજો આવાર, દુઃખમાં આવી પડી,
નમ્ર વિનતી કરૂ આવાર, ઉગારો દયા નિધી,
અબલા કરે છે ભહુ વિલાપ, ઉપાય બતાવ સખી
તજી ગયા મુજને ભરથાર, નહીં આવે એતો જરી.

રાજે—બેન મારૂ હૈયું ભરાઇ આવે છે, મારી આંખે અંધારાં આવે છે. મારૂં મગજ પણ ફર્યા કરે છે.

સખી— બનઝારો.

બેની સાંભલ વાત હમારી,

દુખ થયું તને બહુ ભારી;
તુજ પતિ ગયા ગીરનાર,
તું શોક કરે છે આવાર;
તમે સોક ન કરો આવારી. દુઃખ થયું૦
તું છોડી દે પતિનું નામ,
બીજો નેમજી ધરાવીશું નામ,
એ નેમ ગયા ગીરનારી. દુઃખ થયું૦

ઉગ્રશેન-- આશાગોડી.

દુઃખ તને બહુ ભારી,
પુત્રી મારી દુઃખ થયુ બહુભારી;
ચંદ્ર સમાન પતિ અતિ સુંદર,
તે ગયા આજ ગીરનારી.
પુત્રી મારી દુઃખ થયું બહુ ભારી.
રૂદન મુંકી તું સુખથી રહેજે,
બીજો પરણાવું આવારી. પુત્રી૦
નામ ધરાવી શું નેમજીએનું,
ઈચ્છા પુરી કરૂ આવારી. પુત્રી૦

સુશીલા-- ક્ષત્રી કંલક

હું કહું તે સાંભલવાત, કુંવારીને વરઘણારે.
સહુ જાણે છે સાક્ષાત. ,,
તું કોણુની બેટી કોનું બાળ. ,,
તને પરણાવું આવાર. ,,

તું મુંકી દે તેમનું નામ. ,,
બીજો નેમજી ધરાવીશું નામ. ,,

રાજે— રાગ. પિતામાતા ક્ષમા માગું.
માતા મારી દુઃખ થયું, પતિવીજોગે સુખ ગયું,
તજી મુજને ગયા ગીરનાર, રવડતી કરી કર્મે આવાર,
પતિની પાછલ હું તો જાઉં, પાપ કાપી મોક્ષે જાઉં;
આપો રજા મને આવાર, શોક નહી કરો તમે લગાર,
માતા મારી દુઃખ થયું, પતિ વીજોગે સુખ ગયું.

સુશીલા—મારી લાડકવાઇ કોઇ ગુણવાન રાજ પુત્રની સાથે હજુ પરણવાની બારી છે. પુત્રી ત્હારાં લગ્નની ક્રિયા થઇ નથી માટે તું કહેતી હોતો—

રાજે—(એક દમ વચ્ચે) અરે માતા તમે વિવેકી થઇને એ શું બોલો છો ? શું ત્હારી દીકરી એવી તુચ્છ મનની છે ? મારે તો પર પુરૂષનું નામ લેવું પણ ઘટતુ નથી. હું પતિ વૃત ધર્મનો અંગીકાર કરનારી. માત્ર. પતિ પ્રેમમાંજ લીન્નતા રાખનારી. અને એકજ પુરૂષને પ્રાણનાથ શબ્દ કરીને બોલાવ નારી. બીજાને કેમ વરૂં ? માતા. હવે મનેતાકીદે રજા આપો એટલે મારા પતિની સાથે હું પણ સંજમ લેઇને ગીરનાર ત્રફ જાઉં.

સુશીલા—જ્ઞાન કહે છે ભલે જા-પણ સંબંધ ના પાડે છે. તો પણ પુત્રી તારા કલ્યાણની ઇચ્છા રાખનાર જે હું. તે તને સંયમ અર્થે આશીર્વાદના

રૂપમાં આજ્ઞા આપે છે કે તું સુખેથી તેમ કરી. તારા મનના મનોરથનો પારપામ.'

રાજે—ધન્ય માતુશ્રી-ધન્ય, અહા ! તને માતુશ્રી એ નામથી અત્યારે છેલ્લીજ વાર બોલાવું છું. માતા મારા પિતાતો આવીને ગયા માટે તું તેમને મારા પ્રણામ કહે જે. મને હવે જરા પણ સોચ નથી. હું આનંદથી આજે અચલ સુખને પામવા જાઉં છું.

(ગીરનારનો એક માર્ગ)

રહનેમી— (રાજેમતીને જાઇને)

ચોપાઇ.

આવા અરણ્યવન મોઝાર,
તુંતો કોની આવી છે નાર;
કોણ માત પીતાને જાત,
કોણ છે કહો તમારો નાથ. ૧
મુજ ભાયગે ભેટી આવાર,
કહેશો છે તુજ મનમાં વીચાર;
આપણ ભોગ ભોગવીએ સાર,
પછી સંજમ લેઇ શું નાર. ૨

રાજે— જ્ઞત્રીકંલક.

આ શું વદો છો મુનિરાજ, ધર્મને તમે ભુલી ગયારે,
બાંધ્યુ નર્ક નિયાણું ! આજ. ,,
આવું અગટીત કહ્યું વચન. ,,
આપ મુનિછો દીગંબર જૈન. ,,

પ્રભુ પાસે માફી માગો હાલ. ,,
નહીં તો કરશે તમને બેહાલ. ,,

રાજે—દિયરજી તમે એ શું બોલો છો. ?

રહનેમી—ઠીક કહુ છું. તમારા કલ્યાણની વાત છે.

રાજેમતી—અરે રહનેમી ? તમે આ શું લવો છો. શું મારા પ્રાણનાથ શીવાય બીજો વીભુ છે. ? નથી. નથી.

રહનેમી—ક્યાં લગ્નની ક્રિયા થઇ છે તે ચિન્તા છે. ? મારી સાથે લગ્ન સંબધ બાંધશો. તો એથી કરીને. શોભાધ આવે તેમ છે.

રાજે—(ક્રોધ કરીને) વધારે, વધારે, બક, બક, નહીં, કરો. નહીંતો હમણાં બીજી વાત બનશે. તમે મુનિદિક્ષા લઈ આ કેવા નર્કની ખાણમાં લેઇ જનાર. રસ્તે જાઓ છો. જેણે સાચા પ્રભુને ઓળખ્યા નથી તેનો અવતાર નિષ્ફલ છે. અને હજારો કુકર્મની ખાણ માં પડવું પડે છે. અરે મુંનિજરા વીચારો. વીચારો. નહીંતો પાછલથી—પસ્તાશો.

રહનેમી—અરે હે રાણી. હું હવે સારી પેઠે સમજયો હું દુષ્ટ પાપીએ. આભારે નર્કનું નિયાણું બાંધ્યુ. હવે હું કયાં છુટીશ. રાણી તમે મને માફ કરશો. હું ભારે દુષ્ટ વિચારોની જાળમાં ફસાયો. હે. પ્રભુ. પ્રભુ.

રહનેમી— ક્ષત્રીકલંક (સ્વગત)

ધીક ધીક મુજ અવતાર, દુષ્ટ કૃત આશું કીધુંરે,
નયણે નિરખી મેં પરનાર. ,,
અરે અધમ થયું નીચ કામ. ,,
શાને માટે આવ્યો હું આઠામ. ,,
ભુલ્યો દેહ તણું હું ભાન ,,
પડયો નર્કમાં મુકી ભગવાન. ,,
લાજયા માત તાત ને જાત. ,,
થયો પાપિહું ક્ષત્રી જાત. ,,

અરે, હે રાણી ? મારે હવે કેવું દુઃખ ભોગવવું પડશે. ! તેનો મને પસ્તાવો બહુજ ભારે થાય છે. મારાં કરેલાં વૃત જપ–તપ. વિગેરે નિષ્ફલ ગયાં. ? અરે હાય ! હે ભગવાન ? મ્હારા કરેલા પાપો ક્ષમા કરજ્યો.

ક્ષત્રી કંલક. (રાજે મતી પ્રત્યે.)

અરે સુણ રાણી રાજે મતીનાર, માફી તુંજ પાસે ઇચ્છુંરે
થાઉં ઉદાશી હું અપરંપાર. ,,
કહ્યું તુજને મેં અગટીત વચન. ,,
તેથી અકળાય છે મુંજ મન. ,,
રોષ ધરશો નહીં તમે નાર. ,,
ભુલ ક્ષમા કરો ને આ વાર. ,,
નહીં કહેવાય એવાં કહયાં વેણ. ,,
રાણી માફ કરજો મુજ કેંણ. ,,

રાજે—ચિન્તા રહિત થાઓ તમારો આટલો બધો ખેદ જોઈને હું ક્ષમા કરૂં છું. તમને અનુભવ તો થયો

હશે કે; આ જગતમાં માનસિક વિચારોનું પ્રબળ કેટલું છે? આ વિકારોને જે જીતે તેજ પૂર્ણ સંયમી કહેવાય. સંયમમાં આવ્યા પછી પણ માણસને આ રીતે પંચવિષયના વિકારો ભ્રષ્ટ કરે છે. અને ખરાબ રસ્તે દોરી જાય છે.

રહનેમી--ખરૂં છે! કેવળ ખરૂં છે! હું તમારો ઉપકાર માનું છું! મને તમે ભ્રષ્ટ થતો અટકાવ્યો!

રાજે--જે થયું તે થયું! તેનો પાછલથી પસ્તાવો નહીં કરવો! હવે તમે પણ જાઓ તમારા મંગળ વિચારોમાં સફળ થાઓ.

રહનેમી--તથાસ્તુઃ (નમીને જાય છે.)

રાજે--આહા! સંસારની માયા કેવી અજીત છે! જો અત્યારે સંયમનું બળ ન હોય તો તે જીતીજ જાય મનુષ્યને પોતાના કરેલા કર્મ પ્રમાણે ફળ મળ્યા કરે છે. જે કોઇ દ્રઢ પ્રતિજ્ઞા તેમજ નિગ્રહ વગર સંસાર છોડે છે. તે છેવટે હાર પામે છે. મારે પણ હવે અમુલ્ય સમય જવા દેવો નહીં જોઇએ. ચાલ ત્યારે હું પણ સંયમમાં સ્થિર થાઉં (તેમ કરે છે.)

ગીરનારનો રસ્તો.

(નેમનાથ તથા તેમના મિત્રો.)

નેમ—મિત્રો! હવે માયા શા કામની! હું મિત્રોનું આજે છેલ્લુંજ વચન સાંભળું છું. હું નેમનાથ મિત્રની સંગમાં બેસવાને હવે વિચાર ધરાવતો નથી. પ્યારા મિત્રો બહુ દુર આવ્યા છે. માટે પાછા વળો. મને મહેલની આગળ કુંટુબીઓએ અનેક યુક્તિઓથી

અટકાવા યત્ન કર્યો, તમે પણ કંઇ બાકી રાખ્યું નથી. તથાપિ મારો વિચાર જે થયો છે તેને હવે હું પાર પાડીશ.

મિત્રો—આપને હમે બીજું શું કહીએ? કહેવા રહ્યું નથી. જો મીત્રતાનો વિચાર કરીએ તો. આપ પધારો એ શબ્દ બોલાયજ નહીં. પણ જ્ઞાનથી વિચાર કરીએ તો મુખેથી આપ પધારો. એમ રહ્યા વગર અમારાથી રહેવાય નહિં.

નેમ—ધન્ય છે! ધન્ય છે! એમજ ઘટે!

મિત્રો—(હાથ જોડીને) મહારાજ અમે આપને પ્રેમપૂર્વક નમન કરીએ છિયે.

નેમ—બહુ સારૂ હું પણ હવે રજા લઉંછું.

(જાય છે.)

પ્રાર્થના.

રાગ કલ્યાણ;

સર્વે—

સુણજો જૈની ભાઇ, સર્વે સુણજો જૈની ભાઇ;
જે સેવા અરિહંતની કરશે, જાશે સ્વર્ગ સવાઇ,
તીર્થંકર બાવીશે, કહીએ, રાખો હેત વધાઇ,
ઉત્તમ ધર્મ જીનેશ્વર કહાવે, પવિત્ર છે સુખદાઈ. સુણ૦
રહનેમી ભક્તીમાં રહીને, જીનેશ્વર ગુણ ગાઇ;
ભક્તિ કરી જુવો રાજુલનેમે. કીર્તી જગમાં ગવાઇ. સુણ૦
સેવક તારાચંદ કહે છે, નેમનાથ ગુણ ગાઈ;
અરિહંતની સેવા કરશે, જાશે સ્વર્ગ સવાઇ. સુણ૦

સમાપ્ત.

અગત્યની સુચના.

પ્રિય બંધુઓ પુસ્તકને રખડતું મુકી અશાતના કરવી નહીં. પુસ્તક રખડતું મુકવાથી ફાટી જાય છે. અને છેલ્લી જ્ઞાનની અશાતના થાય છે. જ્ઞાનની અશાતના કરવાથી અષ્ટ કર્મમાંનુ સૌથી પ્રથમ જ્ઞાનાવર્ણીય. કર્મ બંધાય છે. કોઇ દીવસ મુક્તી પ્રાપ્ત થતી નથી. માટે દરેક બંધુએ પુસ્તક સાચવીને રાખવું.

લી. રચી પ્રસિદ્ધ કર્તા.

આ પુસ્તક જે સાહેબોને ખરીદવાથી ઇચ્છા હોય તે સાહેબોએ નીચે લખેલા ઠેકાણેથી રોકડાં નાણાં મોકલી મંગાવી લેવું. પાંચ નકલથી ઓછી નકલનું વી. પી. થશે નહીં. દેશાવરના ગ્રાહકોને વી. પી. થી મોકલવાંમાં આવશે. પાંચ નકલકથી ઓછી નકલ મંગાવનારે ટીકીટો બીડી મંગાવી લેવું. દેરાસરમાં મફત આપવામાં આવશે.

મલવાનું ઠેકાણું.

તારાચંદ તલકચંદ. શાહ.

ઠે, ચંદ્રધારા બ્રેન્ચ ઓફીસ.

મુ. ભીલોડા. (મહીકાંઠા)

જીο અમદાવાદ.

અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનાર બંધુઓનાં મુબારક નામો.

ભીલોડા.

૨૫ મણીઆર. જમનાદાસ આદીતરાંમ
૨૦ માસ્તર. મણીલાલ ગીરધરલાલ

૫ શા. પાનાચંદ મુલચંદ
૫ શા. કોદરલાલ ભાઇચંદ
૫ શેઠ. લલ્લુભાઈ ગુલાબચંદ
૫ ગાંધી. તલકચંદ સુરચંદ
૪ શેઠ. છગનલાલ ન્હાનચંદ
૨ ગાંર. રીખવદાસ શીવરાંમ
૧ ગાંધી. ફુલચંદ સુરચંદ
૧ શા. મગનલાલ રેવચંદ

ટાકાટુકા.

૨૫ શા. લખમીચંદ ભાઇચંદ
૨૫ શા. જીવરાજ ભાઇચંદ
૨૫ સ્કુલ હેડમા. પુનમલાલ મણીલાલ. ખેડ
૧૧ શા. મુલચંદ રેવચંદ
૧૦ શા. કેવલ વેણીચંદ
૧ શા. હીરાચંદ વેણીચંદ
૧ શા. અમથા હીરાચંદ
૧ શા. હીરાચંદ પદમશી
૧ શા. સાંકલચંદ મલુકચંદ
૧ શેઠ. મોતીચંદ સાંકલચંદ

ચીતરોડા.

૩૦ તંબોલી. નાનચંદ મીઆચંદ. ચંદ્રધારાએજટ
૧ તંબોલી. હીરાચંદ મોતીચંદ.
૧ સ્કુલમા. લલ્લુભાઈ નાહાલચંદ
૧ તંબોળી. રાયચંદ જાદવજી
૧ શા. સાંકલચંદ ભાઇચંદ
૧ મકનજી. સવજી સ્કુલ આસીસ્ટન્ટ

કડીઆદરા.

૧૦ શા. અમથારાંમ પદમશી

૧ શા. કોદરલાલ પદમશી
૧ શા. હરીચંદ વસ્તા
૧ શા. રેવચંદ હરીચંદ
૧ શા. ઉગરચંદ પાનાચંદ
૧ શા. કોદર પદમશી બાદર
ભા. મોતીચંદ કસ્તુર

બોઢલી.

૪ દોશી. દાયચંદ મીઆચંદ

પોશીના.

૧ દોશી મોતીલાલ પદમશી

વાંકાનેર.

૫ ગામઠી સ્કુલ મે. દયાશંકર પુરસોતમ
૪ ગડીઆ. પાનાચંદ ગુલાબચંદ
૧ વીદ્યાર્થી. સોમાલાલ જીવરામ
૧ શા. વેણીચંદ પાનાચંદ
૧ વીદ્યાર્થિ. ધર્મા કોદર

ગોરલ.

૨ કોઠારી. ગુલાબચંદ ગોતમ
૧ કોઠારી. કોદરલાલ હીરાચંદ
૧ શા. દેવચંદ બેચર
૧ કોઠારી. હીરાચંદ દેવચંદ
૧ શા. પદમશી કુબેરદાસ
૧ શા. રાયચંદ પદમશી

ચોરીવાડ.

૨ શા. ફતેચંદ અમથારામ
૧ શા. દેવચંદ સુરચંદ.
૧ શા. છગનલાલ ફુલચંદ

મઊ.

૧ શા. હીરાચંદ છગનલાલ

પેથાપુર,

૩ કોઠારી. નાનચંદ નાગરદાસ

ટીંટોઇ.

૫ શા. ખેમચંદ નાલચંદ નાકાદાર

દેરોલ વાઘેલાની.

૧૦ મે. ઠાકરાંશ્રી ૧૦૮ હરીસીંહજી સાહેબ
૮ કામદાર જાદવજી ખેચર (મુડેટીના)
૫ શા. નેમચંદ વીરચંદ ફોજદાર (ચોરીવાડ)
૨ વોરા તલકચંદ વેણીચંદ
૧ મોડાશીયા કોદરલાલ ગુલાબચંદ
૧ દોશી. ભાઇચંદ માણેકચંદ

સીલવાડ.

*૨ ઠાકરાંશ્રી વખતસિંહજી કેશરીસિંહજી

દધાળીઆ.

૩ વોરા. મોહનલાલ ગુલાબચંદ
૨ વોરા. સબુર સુરચંદ
૨ શા. ભીખચંદ મગનદાસ
૨ શા. વેચાત ઘેહલાભાઇ
૨ સોની. રેવચંદ ભાઇચંદ
૧ પટેલ. પ્રાણદાસ મોતીદાસ
૧ સોની. ખેમા સાંમળદાસ.
૧ શા. સખીદાસ પીતામ્બર દાસ.
૧ શા. ભોગીલાલ નાથજી.
૧ વોરા. ભીખાભાઇ મનજીદાસ.
૧ વોરા. લલ્લુભાઇ પ્રેમચંદ.
૧ શા. કોદરલાલ મુળજી.
૧ મોદી, ભુરજી અમુલેખ.
૧ શા. શીવલાલ સખમલ.
૧ વોરા. ટેકચંદ કાશીદાસ.
૧ વોરા. વીરચંદ જેઠાદાસ.
૧ પરી. ભુરજી ન્હાલચંદ.

કોટડા.

૧ કોઠારી. મોતીલાલ મુલચંદ.
૨ શાહ. ભાઇચંદ રેવચંદ.
૨ શાહ. કુબેર કસ્તુર.
૧ શાહ. પાનાચંદ રાયચંદ.
૧ શાહ. તલુકચંદ રેવચંદ.
૧ કોઠારી. દેવચંદ નાનચંદ.

ગોરલ.

૨ ગાંધી. છગનલાલ કુબેરદાસ.
૧ શાહ. વેણીચંદ તલકચંદ.
૧ ગાંધી ગુલાબચંદ દલુચંદ.
૧ શાહ. નાથાબાલ ગુલાબચંદ.
૧ શાહ. ખાતરા પદમશી.

બેરાહી.

૩ ગાંધી. હીરાલાલ અમુલખ.
૨ ગાંધી. તલકચંદ બહેચરદાસ.

સાબળી.

૨ શાહ. કસ્તુર મોતીચંદ.
૨ શાહ. દલુચંદ કસ્તુર.
૨ શાહ. હીરાલાલ ફતેચંદ.
૨ ગાંધી. કુબેરદાસ પદમશી.
૨ શાહ. માણેકચંદ ધરમચંદ.
૨ દોશી. પુંજીરામ લલ્લું.
૨ શાહ. ભોગીલાલ નથુ.
૧ શાહ. મુલચંદ અમથા.
૧ શાહ. પાનાચંદ અમથા.
૧ સોની. અમુલેખ હેમચંદ.

જાહેર ખબર.

"આ શું છે? જરા વાંચી તો જુઓ

ત્ર અઠવાડીઆમાં

હાન બળ અને ચમત્કારી ક્રીયાં

વાઓને સજીવન કરનાર

ચંદ્ર-ધારા (ધાતુપુષ્ટ ગોળીઓ)

વાપરો અને ખાત્રી કરો.

આ ગોળીઓ વાપરવાથી અજાપર થતી [illegible]ચી, કમ્મરમાં થતી કળતાર, સુકાએલું શરીર, ઉડી ગએલી જુવાની, સાંધાઓનું દુઃખવું, નષ્ટ થએલી મગજની યાદ શક્તિ, જીરણ પડેલો જવર, ગુમાવેલી તાકાત, ખપી ગએલું બળ, બગડી ગએલી ધાતુ, સ્ત્રીઓને પ્રદરનો પ્રવાહ, પાંડુ રોગની પીડા, ફીક્કો પડી ગએલો ચહેરો, અને મરી ગએલી મરદાઇ, માત્ર એકજ ડબી વાપરવાથી ઉપરના તમામ દરદોને આરામ કરવાની અપૂર્વ શક્તિ ધરાવે છે. કીમત ડબી એકનાં રૂપીઆ બે. સામટી ડબીઓ લેનારને કમીશન આપીશું.

કીદે મંગાવો. મળવાનું ઠેકાણું:—

ધારા હેડ ઑફીસ. } **તારાચંદ તલકચંદ શાહ.**

(મહીકાંઠા) } ઠે. ચંદ્ર-ધારા બ્રાન્ચ ઑફીસ.

ભીલોડા. (મહીકાંઠા).